
# ભૂતપૂર્વ વિદ્યાર્થી વિભાગ

## શાળાના સંસ્મરણો



શ્યામ શાહ (૧૯૬૯)

મિત્રો,

જેમજેમ ઉંમર ખૂબ જ ઝડપથી વધતી જાય છે તેમતેમ શાળાના જૂના દિવસો અને જૂના મિત્રો ખૂબ જ યાદ આવે છે. સાથે સાથે એમને મળવાની અને આનંદ કરવાની લાલસા વધતી જાય છે, ત્યારે ગાલીબનો શેર જરૂર યાદ આવે છે "દોસ્તોં કે સાથ જી લેને કા મૌકા દે દે એ ખૂદા, તેરે સાથ તો મરને કે બાદ ભી જી લેંગે."

શાળામાં વિતાવેલો સમય તો મારા જીવનનો સુવર્ણકાળ હતો. હું આજે જે છું, મને જે સફળતા મળી છે અને જે આનંદભરી જિંદગી પસાર કરી રહ્યો છું તે બધાનો જશ શારદામંદિર શાળાને અને ખાસ કરીને આપણા વર્ગના તમામ ભાઈ-બહેનોને છે. આપણા વર્ગના સમૂહ જોડે વિતાવેલી હરેક પળ મને યાદ છે જે અવિસ્મરણીય છે.

આપણા વર્ગના ભાઈ-બહેનોમાં વિસમતા અને સમતાનો અદ્‌ભુત સમન્વય હતો. ખૂબ જ તોફાની હોવા છતાં શિસ્તના આગ્રહી, ખૂબ જ રમતિયાળ હોવા છતાં ભણવામાં ગંભીર અને ખૂબ જ ગુસ્સાવાળા હોવા છતાં ખૂબ જ પ્રેમાળ હતા અને તેના કારણે આપણી એકતા દાદ માગી લે તેવી હતી.

તે વખતે શાળામાં ધોરણ-૧૦ના વિદ્યાર્થી જ મહામંત્રી બનતા, પરંતુ આપણી એકતાને કારણે હું અને પારૂલ ધોરણ-૯માં મહામંત્રી બનેલા જે શાળાનો એક રેકોર્ડ હતો. બધાજ વિદ્યાર્થીઓએ મારામાં વિશ્વાસ મૂકીને ધોરણ-૧ થી ૧૧ સુધી વર્ગના કેપ્ટન તરીકે માનેલો. તેમના વિશ્વાસે મારા આત્મવિશ્વાસમાં ખૂબ જ વધારો કરેલ જે મને આખી જિંદગીમાં મદદરૂપ થયો.

શાળાની સ્થાપના ૧૯૨૪માં મુ. ચંદુભાઈ દવે, મુ.ભોગીભાઈ ઠાકર અને મુ. સવિતાબેન ત્રિવેદીએ કરેલી. ત્યારે આઝાદીની લડત ચાલુ હતી, પૂ. ગાંધીજી પણ તે વખતે શાળાની પૂણ્યભૂમીને પાવન કરી ગયેલા ત્યારે શાળામાં કેવળ શિશુમંદિર એટલે ૧ થી ૪ ધોરણ હતા.

ત્યારબાદ જે તે વખતના ટ્રસ્ટીઓ અને મુ. વજુભાઈ દવે એ ઘરે ઘરે જઈને ભંડોળ ઉઘરાવી ધોરણ-૫ થી ધોરણ-૧૧ સુધીની શાળા બનાવી જે શારદામંદિર વિનયમંદિર અથવા તો નવા શારદામંદિર તરીકે ઓળખાતી.

શાળાને આખરી ઓપ મુ. વજુભાઈએ આપ્યો. તે કેળવણી અને સંચાલન પ્રત્યેની ખૂબ જ ઉંડી સૂઝ ધરાવતા હતા. તેઓ માત્ર પુસ્તકીય જ્ઞાન નહીં પણ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં માનતા અને સર્વાંગી વિકાસને લગતી પ્રવૃત્તિ ચાલુ કરેલ. જેમાં (૧) પ્રાતઃ પ્રાર્થના (૨) સ્થાપના દિવસની ઉજવણી (૩) નૃત્યનાટિકાઓ (૪) ઉનાળાના વેકેશનમાં ૩૦ દિવસનો લાંબો પ્રવાસ.

શાળાની આ પ્રવૃત્તિઓને કારણે વિદ્યાર્થીઓ નિર્ભય, નિડર, તેજસ્વી અને ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરી શકે તેવા બાહોશ અને કાબેલ બનતા અને માટે જ શારદામંદિરનો વિદ્યાર્થી બહાર અલાયદો જ પડતો.

આપણે જ્યારે આઠમા ધોરણમાં આવ્યા ત્યારે મુ. વજુભાઈએ વિદાય લીધી હતી અને સાથે સાથે મુ. ભગત સાહેબ, મુ. વિઠ્ઠલભાઈ, મુ. બાપુભાઈ, મુ. વિરબાળાબેન જેવા ધરખમ શિક્ષકોએ પણ વિદાય લીધી હતી. એના આગલા વર્ષોમાં મુ. અંબાલાલભાઈ અને મુ. જશુભાઈ વિદાય લઈ ચૂક્યા હતા. આને કારણે શારદામંદિરમાં શિક્ષકોના ક્ષેત્રે શુન્યાવકાશ સર્જાયો. જે શિક્ષકો વિદાય થયા હતા તે બધા ખૂબ જ જ્ઞાની અને શિક્ષણ પ્રત્યે ગંભીર અને ઊંડી સૂઝ ધરાવનાર હતા.

આવા કપરા સમયમાં શાળાને ધક્કો પડે તેમહતું મુ. દિનુભાઈએ શાળાનું સંચાલન સંભાળ્યું તે વખતે મુ. દેવેન્દ્રભાઈ, મુ. ગિરીશભાઈ, મુ. કાંતિભાઈ, મુ. ચંદુભાઈ જેવા કાબેલ શિક્ષકો નવા આવ્યા અને તેમની મદદથી શારદામંદિરનું ધોરણ પહેલા જે હતું તે જળવાઈ રહ્યું.

નવા દાખલ થયેલા બધા શિક્ષકો નવા જમાનાના હોવાથી માત્ર જ્ઞાન નહીં પણ ગમ્મત સાથે જ્ઞાન આપતા, જેથી દરેક વિદ્યાર્થીને ભણવામાં રસ વધતો ગયેલ.

દિનુભાઈએ આવતાની સાથે શારદામંદિરમાં ગરબા અને નિરંજનભાઈની મદદથી ક્રિકેટ ચાલુ કરાવ્યું. વિદ્યાર્થીઓનો રમત-ગમતમાં વધારે વિકાસ થાય તેને માટે તેમણે આંતરશાળા હરિફાઈમાં ખો-ખો, કબ્બડી અને દોડ જેવી રમતો તેમજ દિવાન બલ્લુભાઈ ટુર્નામેન્ટમાં ક્રિકેટની ટીમ તેમજ ગરબાની હરિફાઈમાં પણ આપણા વિદ્યાર્થીઓને ભાગ લેતા કર્યા.

ગરબામાં પહેલા જ વર્ષે આપણે ટ્રોફી પ્રાપ્ત કરી. ગરબાની ટીમમાં ૭૦ ટકા બહેનો આપણા વર્ગની જ હતી. દોડ અને કબ્બડીમાં પણ આપણે પદકો જીત્યા, તેમાં પણ મોટાભાગના વિદ્યાર્થી આપણા વર્ગના જ હતા.

ક્રિકેટમાં જે વખતે દિવાન બલ્લુભાઈ, ન્યુ હાઈસ્કૂલ અને વિદ્યાનગરનો ખૂબ દબદબો હતો. આપણી ટીમ પહેલે

# ભૂતપૂર્વ વિદ્યાર્થી વિભાગ

વર્ષે પહેલા રાઉન્ડમાં, બીજે વર્ષે સેમીફાઈનલમાં અને ત્રીજે વર્ષે ફાઈનલમાં પ્રવેશી, રનર્સઅપનો કપ જીતી, ક્રિકેટમાં પણ શારદામંદિરનો ડંકો વાગતો કરેલો. ફાઈનલ માટે ટીમમાં આપણા વર્ગના ૬ વિદ્યાર્થી હતા.

આમ આપણા વર્ગના વિદ્યાર્થી ભાઈ-બહેનોને કારણે અમદાવાદમાં શારદામંદિરનો દબદબો વધ્યો અને રમત-ગમત અને ગરબા ક્ષેત્રે શારદામંદિરનું નામ ગુંજતું થયું. આ ગાળા દરમ્યાન રાજન શાહ અને રોનક શોધને ટેબલ ટેનીસમાં સિદ્ધિઓ હાંસલ કરી શાળાનું નામ રોશન કર્યુ.

એ જમાનામાં ગુજરાતી માધ્યમની શાળામાં અંગ્રેજી વિષય ધોરણ આઠથી ભણાવાતું. અલંકારના ઘરના માહોલને કારણે તેને પાંચમાં ધોરણમાં અંગ્રેજી બારાખડીને શબ્દો વાંચતા આવડી ગયેલા, પરંતુ ઉચ્ચારમાં ફાવટ ન હતી. માલગાડીના દરેક ડબા ઉપર RETURN લખેલું હોય છે. જયારે તે પસાર થતી ત્યારે અમે બધા લાઈનમાં ઊભા રહીને 'રેટૂરન, રેટૂરન' બોલતા અને અંગ્રેજી આવડી ગયાનો આનંદ માણતા.

આવા અનેક હાસ્યાસ્પદ કિસ્સાઓ છે, જેનું વર્ણન કરતાં એક પુસ્તકનું નિર્માણ થાય.

એક કલાક વહેલા શાળા શરૂ થતાં પહેલા આવવું, આંબલીના ઝાડ ઉપરથી કાતરા અને કાચિંડા પકડવા, ઈટિયોરે પિટ્યો, કબ્બડી અને ઈત્તીકીત્તી જેવી રમતો રમવી, પ્રાર્થનામાં મેલાઘેલાં કપડે, ફાટી ગયેલા શર્ટના ખિસ્સા અને તૂટી ગયેલા શર્ટના બટન સાથે બેસવું, આ એક દૈનિક ક્રિયા બની ગયેલી.

આટ આટલી ધમાલ કર્યા પછી પણ પિયૂષ અને રોનકે I.I.T. જેવી સંસ્થામાંથી, અલંકાર અને પ્રફુલે I.I.A.M. માંથી, જયારે પારૂલ, કલ્પના અને ભાવનાએ આર્કિટેક જેવી હિન્દુસ્તાનની પ્રચલીત સંસ્થાઓમાંથી પદવી ધારણ કરેલી, જે ખૂબ જ ધન્યવાદને પાત્ર છે.

માર્ચ-૬૯ થી આપણો માળો વિખેરાઈ ગયો. પરંતુ છેલ્લા ૧૦ વર્ષથી પિયૂષ અને પન્ના તેને ગુંથવા અથાગ પ્રયત્ન કરી રહ્યા હતાં. પાછળથી પારૂલ જોડાતાં આખરે આપણે ૫૦ વર્ષના અંતે મળી રહ્યા છીએ. પન્ના, પારૂલ અને પિયૂષને તેમના આ પ્રયત્ન માટે ખૂબ ખૂબ ધન્યવાદ.

શારદામંદિરના તમામ ગુરૂજનો જેમણે મારા ઘડતરમાં ખૂબ જ ફાળો આપ્યો છે, તેમજ આપણા વર્ગના તમામ ભાઈ-બહેનોનો હું હાથ જોડી ખૂબ ખૂબ આભાર માનું છું.

એ દિવસો અને એ પ્રસંગો યાદ આવતા હૃદય ભારે થવા માંડેલ છે અને આંખ ભરાવા માંડી છે, ખેર ઈશ્વર જે ગુરૂજનો હયાત નથી તેમના આત્માને શાંતિ આપે, જે ગુરૂજનો છે તેમને સ્વસ્થ આયુષ્ય આપે અને આપણા વર્ગના તમામ ભાઈ બહેનોને સુખ, સંપન્ન અને સ્વસ્થતા આપે તેવી પ્રાર્થના.

તમે બધા ખૂબ જ સ્વસ્થ રહો અને મસ્ત રહો તે પ્રાર્થના સાથે.